# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **રાજ્યની મહાનગરપાલિકાઓ માટે મુખ્યમંત્રી ગ્રીન રિંગ રોડ વિકાસ યોજનાની કાર્યપદ્ધતિ જાહેર.**
2. **ગાંધીનગર સંસદિય મતવિસ્તારમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 144 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું**
3. **જીએસટીના ઘટાડાના પહેલાં જ દિવસથી ઓટો સેક્ટર , ઇ-કોમર્સ અને એસી જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓમાં રેકોર્ડ બ્રેક ખરીદી.**
4. **નાગરિકોની ફરિયાદ નિવારણનો સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ આવતીકાલે યોજાશે.**
5. **દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી**
6. **નવરાત્રીના બીજા દિવસે ખેલૈયાઓએ મન મૂકીને ગરબાની રમઝટ બોલાવી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM MUNICIPAL CORPO RING ROAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહાનગરપાલિકાઓમાં ક્લાયમેટ રિઝિલિઅન્ટ અને સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન દ્વારા સુવ્યવસ્થિત શહેરી પરિવહન અને કાર્યક્ષમ રોડ નેટવર્ક માટેની મુખ્યમંત્રી ગ્રીન રિંગ રોડ વિકાસ યોજનાના અમલની SOPને મંજૂરી આપી છે.

રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા વિકસાવવાના થતા આવા ગ્રીન રીંગ રોડ માટે ૨૦૦ કરોડ રૂપિયાનું બજેટની જોગવાઇ કરી છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરના મુખ્ય ભાગમાં પ્રવેશ્યા વિના શહેરના વિવિધ ભાગો વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પૂરી પાડવા અને શહેરોના કેન્દ્રથી ટ્રાફિકને દૂર વાળવા શહેરની ફરતે રિંગ રોડ વિકાસથી કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે.

---

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમત્રી અમિત શાહ રાજ્યની મુલાકાતે છે. તેમણે તેમના સંસદીય મતવિસ્તાર કલોલ ખાતે કલોલ નગરપાલિકાના જનહિતના વિવિધ 144 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "સ્વદેશી" અપનાવવાના આગ્રહને બુલંદ બનાવવા શ્રી શાહે અપીલ કરી હતી.

વિકાસ કાર્યોના લોકાર્પણ પ્રસંગે શ્રી શાહે જણાવ્યુ કે સમગ્ર ગાંધીનગર સંસદીય ક્ષેત્ર માટે એક્શન પ્લાન તૈયાર થયો છે , એક વર્ષ પછી વરસાદી પાણી ભરાવાનું 70 ટકા ઓછું થશે અને બે વર્ષ પછી પાણી ભરાવાની આ સમસ્યામાંથી કાયમી મુક્તિ

**મળશે. કલોલમાં 350 બેડની અત્યાધુનિક હોસ્પિટલ બન્યા બાદ નિદાન , ઓપરેશન કે કોઈપણ આરોગ્ય સેવા માટે બહાર નહી જવું પડે તેમ પણ તેમણે જણાવ્યું હતું.**

**શ્રી શાહે કલોલના ધારાસભ્યશ્રી લક્ષ્મણજી ઠાકોર પ્રેરિત ભૂખ્યાને ભોજનના ઉમદા હેતુસર "પ્રસાદમ" રથનો શુભારંભ અને જ્યોતેશ્વર તળાવનું લોકાર્પણ અને નિરીક્ષણ કર્યા હતા.**

---

# GST

GST 2.0 ની શરૂઆત નવરાત્રી અને ટેક્સ ઘટાડાથી ગ્રાહકોમાં ભારે ઉત્સાહ , રેકોર્ડ બ્રેક પહેલો દિવસ રહ્યો હતો.

<u>પહેલા દિવસ જે રેકોર્ડ બ્રેકિંગ ઓટોમોબાઇલ સેક્ટરમાં વેચાણ જોવા મળી રહ્યું છે.</u> મારુતિએ 80 હજાર પૂછપરછ નોંધાવી અને 30 હજાર કાર ડિલિવરી કરી , જે 35 વર્ષમાં તેનું સૌથી વધુ એક દિવસનું પ્રદર્શન છે. નાની કાર માટે બુકિંગમાં સામાન્ય તહેવારોની સીઝનના દરની તુલનામાં 50 ટકાનો વધારો થયો છે.હ્યુન્ડાઇ માટે ડીલર બિલિંગમાં પણ વધારો થયો , તે જ દિવસે 11 હજાર, જે પાંચ વર્ષમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન દર્શાવે છે.

નવરાત્રીના પહેલા દિવસે ટાટા મોટર્સે 10 હજાર કાર ડિલિવરી અને 25 હજા થી વધુ પૂછપરછ પણ નોંધાવી.

આ ઉત્સાહ ડિજિટલ માર્કેટપ્લેસ સુધી ફેલાયો હતો , જ્યાં ગ્રાહકો ફેશન , ઘરની જરૂરી ચીજવસ્તુઓ અને તહેવારોમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓનો સ્ટોક કરવા માટે દોડી આવ્યા હતા.

GST 2.0 હેઠળ ઇલેક્ટ્રોનિક્સની ઘરોમાં ઉચ્ચ માંગવાળા ઉત્પાદનો પર ઘટાડેલા ભાવનો લાભ લીધો. સ્પ્લિટ ACના ભાવમાં 3 હજારથી પાંચ હજાર રૂપિયાનો ઘટાડો થયો છે , જ્યારે હાઇ-એન્ડ ટીવીના ભાવમાં 85 હજાર રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળ્યો છે.

---

# PORBANDAR GST

અમૂલ દ્વારા ઉત્પાદિત કરવામાં આવતી દૂધ સિવાયની ચીજવસ્તુઓ પર લેવામાં આવતા GSTમાં સરકારે ઘટાડો કરતા આ ચીજ વસ્તુઓના ભાવ ઘટી જતા મોંઘવારીમાંથી પોરબંદરની જનતાને ઘણી રાહત મળી છે. પોરબંદરમાં અમૂલ ડેપોના સંચાલકે પણ આ ભાવ ઘટાડાને કારણે લોકોને ફાયદો થશે અને માંગમાં પણ વધારો થશે.

## બાઇટ - કેતન ચોટાઇ(અમૂલ ડેપોના સંચાલક)

---

# SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતીકાલે યોજાશે. સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિને આ રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.

નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવારે, તા.25 સપ્ટેમ્બરના રોજ સવારે 8થી 11 વાગ્યા સુધી મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

---

# WEATHER

હવામાન વિભાગ દ્વારા વરસાદને લઈને આગાહી કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં આગામી 24 કલાક ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગાજવીજ સાથે 30 થી 40 કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે. આગામી 24 કલાકમાં રાજ્યના અન્ય જિલ્લામાંથી ચોમાસુ વિદાય લે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ કે દાસના જણાવ્યા અનુસાર , હાલમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે તેની સાથે બંગાળની ખાડીમાં 25 સપ્ટેમ્બર બાદ લો પ્રેશર સક્રિય થશે. આગામી 27થી 30 સપ્ટેમ્બર દરમિયાન દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થઈ શકે છે.

## બાઇટ – ડૉ.એ.કે.દાસ, હવામાન વિભાગ

રાજ્યમાં ધીમેધીમે વરસાદનું જોર ઘટી રહ્યું છે. છેલ્લા ચોવીસકલાક દરમિયાન રાજ્યના 20 તાલુકાઓમા વરસાદ વરસ્યો છે. જેમાં ડાંગ જીલ્લાના આહવા તાલુકામાં સૌથી વધુ સાડા ચાર ઇંચ જટલો વરસાદ વરસ્યો હતો..

---

# GARBA - AMIT SHAH

આજે આસો સુદ ત્રીજ એટલે કે ત્રીજું નોરતું આજના દિવસે આ ચંદ્રઘટાંના સ્વરૂપને પૂજવામાં આવે છે. આજના દિવસે મા ચંદ્રઘંટાને પ્રિય એવી દૂધમાંથી બનાવેલી મીઠાઈઓ પ્રસાદ સ્વરૂપે ધરાવવામાં આવે છે.

# નવરાત્રીનું મ્યુઝિક

નવરાત્રિના બીજે દિવસે રાજ્યભરમાં ખૈલેયાઓ ગરબાની રમઝટ બોલાવી હતી.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કેસરિયા ગરબામાં હાજરી આપી હતી. સહાય ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ ગરબામાં શ્રી અમિત શાહે પરિવાર સાથે હાજરી આપી હતી.

ગઇકાલે નવરાત્રિના બીજા દિવસે અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે આયોજિત વાઇબ્રન્ટ ગુજરાત ગરબામાં ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી અને માતાજીની આરાધના કરી હતી.

અમદાવાદના અન્ય સ્થળોએ પણ ખેલૈયાઓ મોદી રાત સુધી ગરબાની મોજ માણી હતી. તમામ શહેરો નગરોમાં પણ ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. ભાતીગળ અને પરંપરાગત પહેરવેશ પરિધાન કરીને ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. પાર્ટી પ્લોટ, ક્લબો અને શેર ગરબાઓમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને અલગ અલગ શૈલીના ગરબા રમ્યા હતા.

---

# ELECTION COMMISSION WORKSHOP

ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારના માર્ગદર્શનમાં ભારતના ચૂંટણીપંચ દ્વારા મતદારયાદી સુધારણા માટે જાહેર કરાયેલી માર્ગદર્શિકાના સુચારું અમલીકરણ માટે ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી હારીત શુક્લાના અધ્યક્ષસ્થાને વર્કશોપનું આયોજન કરાયું હતું.

જેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓના અધિક અને નાયબ ચૂંટણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મતદાર યાદી સુધારણા અંગેના પોતાના સંબોધનમાં મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં મતદાર યાદી સઘન સુધારણા હેઠળ કુલ ત્રણ તબક્કામાં કામગીરી કરવામાં આવશે.

---

## BHARUCH AROGY SHIBIR

ભરૂચના સીટી સેન્ટર એસટી ડેપો ખાતે  સ્વચ્છતા પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા હાલમાં સ્વરછતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે આજરોજ ભરૂચ સીટી સેન્ટર એસટી ડેપો ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના        સહયોગથી યોજાયેલ મેડિકલ ચેકઅપ  કેમ્પમાં એસટીના ડ્રાઈવરો ,  કંડકટર તેમજ વહીવટી સ્ટાફના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભરૂચ એસ.ટી.ડેપોના ડેપો મેનેજર વિશાલ છત્રીવાલા સહિતના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.એસ.ટી.ના કર્મચારીઓનું આરોગ્ય સારું રહે તે માટે આ મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## બાઈટ - વિશાલ છત્રીવાલા-ડેપો મેનેજર

---

# 'HEALTHY WOMEN, STRONG FAMILIES'

'સ્વસ્થ નારી સશક્ત પરિવાર '. અભિયાન હેઠળ દાદરાનગર હવેલીમાં મહિલાઓની સ્વાસ્થ્ય તપાસ થઇ રહી છે.. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો.

કિલવણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયોજિત શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃત કરવાનો છે.

---